# પાલનપુરમાં વાવાઝોડા સાથે વરસાદ : હોર્ડિંગ તૂટી પડ્યા

## હવામાનમાં ફરી એકવાર જોરદાર પલ્ટો આવ્યો : અન્ય ભાગોમાં તીવ્ર ગરમી : સુરેન્દ્રનગરમાં પારો ૪૧થી ઉપર : અમરેલી અને રાજકોટમાં પણ પારો ૪૦થી ઉપર

પાલનપુર, તા.૫

બનાસકાંઠાના પાલનપુરમાં વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ તીવ્ર પવન સાથે વાવાઝોડુ ફૂંકાતા અનેક



જગ્યાઓએ હોર્ડિંગ્સ ઉડી ગયા હતા. વીજળી ડુલ થઈ ગઈ હોવાના પણ અહેવાલ મળ્યા છે. એકાએક હવામાનમાં પલ્ટો આવવાના કારણે પાલનપુરમાં મોડી સાંજે વરસાદ થયો હતો. કમોસમી વરસાદના કારણે લોકોમાં અનેક ચર્ચા જોવા મળી હતી. શહેરમાં ઘણી જગ્યાઓ ઉપર પણ વરસાદ રહ્યો હોવાના અહેવાલ મળ્યા છે. જોકે રાજ્યના અન્ય ભાગોમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ આજે પણ કર્યો હતો. રાજ્યમાં પારો આજે ૪૧ સુધી પહોંચ્યો હતો. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અહીં પારો ૪૧ સુધી પહોંચ્યો હતો. જ્યારે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે અમરેલીમાં પારો ૪૦.૬ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં પણ મહત્તમ તાપમાન ગઈકાલની સરખામણીમાં વધીને ૩૯.૨ સુધી પહોંચ્યું હતું. મંગળવારના દિવસે મહત્તમ તાપમાન અમદાવાદમાં ૩૭.૪ નોંધાયું હતું. રાજ્યના અનેક



ભાગોમાં આજે પારો ૩૯થી ઉપર રહ્યો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ સુરેન્દ્રનગરમાં થયો હતો. જોકે બનાસકાંઠાના પાલનપુરમાં મોડી સાંજે વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. ગરમી, લુ અને હીટવેવની અસરના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ તેની સીધી અસર પડી હતી. બળબળતી ગરમીથી ત્રસ્ત નાગરિકો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા ઠંડા પીણા, વધુ પડતા પાણીના સેવન સહિતના ઉપચારો અપનાવી રહ્યા છે. ગરમી, લુ અને હીટવેવની અસરના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ તેની સીધી અસર પડી રહી છે. હિટવેવની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી નથી પરંતુ ગરમીનું પ્રમાણ વધી શકે છે. જેથી તંત્રની ચિંતા અકબંધ રહી છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારનો દોર રહ્યો છે. બીજી બાજુ બપોરના ગાળામાં તીવ્ર તાપનો અનુભવ લોકો કરી રહ્યા છે. જેથી તમામ જગ્યાઓ ઉપર એસી અને પંખાનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી હિટવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી. બળબળતી ગરમીથી ત્રસ્ત નાગરિકો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા ઠંડા પીણા, વધુ પડતા પાણીના સેવન સહિતના ઉપચારો અપનાવી રહ્યા છે. જો કે, છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ અને વિસ્તારોમાં ગરમીની સૌથી વધુ અસર જોવા મળી છે.



સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. સરકારી હોસ્પિટલોમાં હીટવેવની અસર અને લુ લાગવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે.તીવ્ર ગરમીની સીઝનમાં પાણીજન્ય રોગના કેસમાં વધુ વધારો થવાના સંકેત છે.

# પ્રાંતિજના મજરાથી હિન્દુ યુવા વાહિની રથનું પ્રસ્થાન

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજ તાલુકામાં રામનવમી અને હિન્દુ યુવા વાહિની ૧૬માં સ્થાપના દિવસ નિમિત્તે પ્રાંતિજના



મજરાથી રથનું પૂર્વ મંત્રીના હસ્તે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

રામનવમીના દિવસે મજરા ત્રણ રસ્તા ઉપરથી હિન્દુ યુવા વાહિની રથનું પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું અને ત્યાંથી ધડકણ મુકામે સરપંચ રજુસિંહ ચૌહાણ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યાંથી તલોદ માર્કેટ યાર્ડના ચેરમેન ગજેન્દ્રસિંહ પરમાર તથા દિલીપભાઈ ચૌધરી દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યાંથી પ્રાંતિજ ખાતે પણ જય શ્રી રામના નાદ સાથે રથ આવી પહોચ્યો હતો. જેમાં એપ્રોચ રોડ ઉપર તાલુકા પંચાયત સદસ્ય પ્રદિપસિંહ (છોટુભા) દ્વારા પણ રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું જયારે હિન્દુ યુવા વાહીની સાથે રામભક્તો તથા ભાજપ અગ્રણીઓ આગેવાન પણ જોડાયાં હતા અને ઠેર ઠેર રથનું સ્વાગત થયું હતું જયારે તાલુકામાં રથ વિવિધ જગ્યાએ ફરશે.





## મોડાસામાં રામનવમીએ વિશાળ બાઈકરેલી નીકળી

અરવલ્લી જિલ્લામાં રામનવમી પર્વની ઉજવણી રામભક્તો દ્વારા ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. ભગવાન રામલલ્લાના જન્મ દિવસની ઉજવણીનું પર્વ એટલે રામનવમી. બુધવારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા શહેરના માર્ગો પર ફેરવવામાં આવી હતી તેમજ મંદિરમાં રામ ભગવાનની પૂજા-અર્ચના કરી જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના માર્ગો જયશ્રી રામના નાદથી ગુંજી ઉઠ્યા હતા. જિલ્લાના વિવિધ શહેરો, વિસ્તારો અને રામમંદિરોમાં ભક્તીભાવપૂર્વક રામનવણીની ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન શ્રી રામની જન્મજયંતિની ઉજવણીમાં બજરંગ દળ અને દુર્ગાવાહીનીની મહિલાઓ સહિત યુવાનો દ્વારા શહેરના માર્ગો પર ડી.જે.ના તાલ સાથે ભવ્ય બાઈકરેલી સાથે શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. મોડાસાના માલપુર રોડ પર આવેલા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યાલયથી થઈ અને મોડાસા ચાર રસ્તા થઈ બસસ્ટેન્ડ પાછળથી રામપાર્ક સોસાયટી થઈ શહેરના અનેક માર્ગો પર બાઈક રેલી અને ભગવાન શ્રી રામની રથયાત્રા નીકાળવામાં આવી હતી. શહેરના તમામ માર્ગો જયશ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યા હતા.

# મોડાસામાં દારૂના જથ્થા સાથે એકટીવા ચાલક ઝડપાયો

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લામાં ગત મોડી સાંજે ૮.૧૫ કલાકે મોડાસા બાયપાસ રેલવે ક્રોસિંગ પાસે વિદેશી દારૂના જથ્થા સાથે એક્ટિવા ચાલક ઝડપાતાં પોલિસ કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં રૂ.૧૧૬૦૦નો દારૂ તથા બિયર અને ૩૦ હજારનું એક્ટિવા મળી રૂ.૪૧૬૦૦નો મુદ્દામાલ કબજે કરી પ્રોહીબિશન એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬((બી) મુજબ આરોપીને ઝડપી લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ કામના આરોપી





અમદાવાદ બાપુનગર પન્ના સ્ટેટ નજીકના રહીશ પરવેઝખાન જમતુલ્લા ખાન પઠાણ ગે.કા.રીતે વગર પાસ પરમીટે પોતાના કબજાની એક્ટિવા ઉપર પરપ્રાંતીય વિદેશી દારૂના કાચના કવાટરીયા નંગ.૮૦ કિંમત રૂ.૮૦૦૦ તથા પતરાના બિયરના ટીન નંગ.૩૬ કિંમત રૂ.૩૬૦૦ તથા એક્ટિવાની કિંમત રૂ.૩૦૦૦૦ સાથે કુલ રૂ.૪૧૬૦૦ના મુદ્દામાલ સાથે મળી આવતા તેની ધરપકડ કરી લેતા અહેકો વાલજીભાઈ ધૂળાભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકાના ૬૨ કિમીના પંચાયત હસ્તકના ચાર રસ્તાઓ સ્ટેટમાં રૂપાંતરિત કરાયા

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર ભિલોડા તાલુકાના ૬૨ કિમિના પંચાયત હસ્તકના ચાર રસ્તાઓ સ્ટેટમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે જેમાં ૧૮ કિમીના ભિલોડા -વિજયનગર મુખ્ય રોડથી વાયા પાલ્લા થઈ ગુણીયાકુવા સુધીના રસ્તા સહિત ચાર માર્ગો સમાવાયા છે.

બાંધકામ વિભાગ સંભાળતા રાજયના નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની રજૂઆતથી આદિજાતિ પછાત વિસ્તારના ચાર પંચાયત હસ્તકના રસ્તાઓ સ્ટેટમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ રસ્તાઓમાં ભિલોડા વિજયનગર મુખ્ય રોડથી ટાકાટુકા, ટોરડા, બુઢેલી, પાલ્લા અને ગુણીયા કૂવા સુધી ભિલોડા શામળાજીના મુખ્ય રોડને જોડતો ૧૮ કિમીના રોડ ઉપરાંત અન્ય ત્રણ રોડમાં ૧૬ કિમીનો ભેટાલી-વણઝર, ખેરાડી, ખિલોડા, સુનોખ રોડ જ્યારે ૧૨ કિમી.નો ભિલોડા-મઉ-મુનાઈ-પોષીના અને ૧૫ કિમીનો ભિલોડા માર્કેટ યાર્ડ આગળ થઈ હતા વાંસળી એપ્રોચ રોડનો સમાવેશ થાય છે.

આમ આદિજાતિ વિસ્તારમાં આ ચાર પંચાયતના રોડ હવેથી સ્ટેટના રોડ તરીકેની ઓળખ પામતાં વખતો વખત તેની યોગ્ય મરામત વગેરે સહિતના તેને લગતા કામો આર એન્ડ બી સ્ટેટ વિભાગ સંભાળશે.

# નગરપાલિકાઓની પેટાચૂંટણીમાં ૧૬માંથી છ કોંગ્રેસનો વિજય

અમદાવાદ, તા.૫

એપ્રિલ-૨૦૧૭માં નગરપાલિકાઓની ૧૬ બેઠકોની પેટા ચૂંટણીના પરિણામો જાહેર થતાં કોંગ્રેસ પક્ષનો છ બેઠક પર ભવ્ય વિજય થયો છે સાથોસાથ પાંચ બેઠકો સત્તાધારી ભાજપ પાસેથી આંચકી લીધી છે. નગરપાલિકાની ૧૬ બેઠકોના પરિણામો બાદ પત્રકારો સાથે વાતચીતમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ૧૬ બેઠકોની પેટા ચૂંટણીમાં અગાઉ માત્ર બનાસકાંઠાની પાલનપુર નગરપાલિકાની એક માત્ર બેઠક કોંગ્રેસ પક્ષ પાસે હતી. આજે જાહેર થયેલ પરિણામોમાં કોંગ્રેસ પક્ષે મહેસાણા જીલ્લાની વિજાપુર, ભાવનગર જીલ્લાની વલ્લભીપુર, મહુવા અને શિહોર, બનાસકાંઠા જીલ્લાની પાલનપુર અને ખેડા જીલ્લાની નગરપાલિકા બેઠક પર વિજય મેળવ્યો છે. ઠાસરા નગરપાલિકાના સભ્ય કોંગ્રેસ પ્રેરિત છે જ્યાં ભાજપનો કારમો પરાજય થયો છે. ભાજપને હંમેશા એવી શેખી મારવાની ટેવ છે કે, શહેરી વિસ્તારમાં દબદબો, પણ આજના પરિણામોએ ભાજપને સ્પષ્ટ જાકારો આપ્યો છે. કોંગ્રેસ પક્ષે ભાવનગર જીલ્લામાં નગરપાલિકા ચાર બેઠકોમાંથી ૩ બેઠકો ઉપર વિજય મેળવીને ભાજપ પાસેથી બેઠકો આંચકી લીધી છે. ભાવનગર જીલ્લામાં ભાજપ પ્રદેશ પ્રમુખ પ્રતિનિધિત્વ કરે છે. આજના પરિણામો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ, મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષને જનતાએ સંદેશો આપી દીધો છે કોંગ્રેસ આવે છે. નગરપાલિકાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને મળેલા જન સમર્થન જન આશીર્વાદ બદલ મતદાતાઓનો આભાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જીતેલા સદસ્યઓને, કાર્યકરો અને સ્થાનિક આગેવાનોને અભિનંદન પાઠવ્યા છે.

## પ્રાંતિજના વદરાડની પરણીતાને પતિ દ્વારા ત્રાસ આપતાં પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તાલુકાનાં વદરાડ ગામે પરણીતાને તેનાં પતિ દ્વારા અવાર- નવાર શારીરીક અને માનસિક ત્રાસ આપતાં પત્ની દ્વારા પતિ વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજના વદરાડ ગામે રહેતી પરણીત મહિલાને તેના પતિ દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપી ગાળો બોલી દારૂ પીવાની કુટેવ હોઈ દારૂ માટે પૈસાની માંગણી કરી ફરીયાદીને ઘરમાં કામકાજ બરાબર કરતી નથી તેમ કહીને અવાર-નવાર માર જુડ કરતાં અને મારી નાખવાની ધમકી આપતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં પારૂલબેન હિતેન્દ્રસિંહ સુરેશસિંહ મકવાણા દ્વારા પોતાનાં પતિ હિતેન્દ્રસિંહ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પોલિસે ૪૯૮ મુજબ ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

## ભિલોડા મહાકાલી માતાના મંદીરે નવચંડી હવન યોજાયો

ભિલોડાના હાથમતી નદીકિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાના મંદીરે ચૈત્ર સુદ નોમના દિવસે નવચંડી હવન યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. ચૈત્ર સુદ નોમના દિવસે યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે નવચંડી હવનમાં શ્રીફળ હોમી નવચંડી હવનની પર્ણાહૂતિ કરવામાં આવી હતી. દર્શનાર્થે ભારે માનવમેદની ઉમટી હતી. શ્રી મહાકાલી સેવા ટ્રસ્ટ, ટ્રસ્ટી સહિત સેવાભાવી કાર્યકરો, ભિલોડા ગ્રામજનોએ નવચંડી હવનના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ધાનેરા પોલીસે દારૂ પકડ્યો

બનાસકાંઠાના વાસણ ઓપી વિસ્તારના શેરા ત્રણ રસ્તા પર નાકાબંધી કરતા રાજસ્થાન તરફથી એક બોલેરો ગાડી નં. જીજે-૮-એફ.૯૪૧૬ને ચેક કરતા તેમાં પરપ્રાંતીય દારૂપેટી નગં-૧૫ તથા બીયર પેટી નંગ-૨ મળી કુલ મુદ્દામાલ રૂ. ૭૪,૪૦૦નો પ્રોહી મુદ્દામાલ તથા ગાડીની કિ. રૂ. ૩ લાખ મળી કુલ મુદ્દામાલ રૂ. ૩,૭૪,૪૦૦નો મુદ્દામાલ સાથે આરોપી ભાવાજી વનાજી ઠાકોર રહે. મોટી ડુગડોલ તા. ધાનેરા વાળાને પકડી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# સાબરકાંઠા ભાજપમાં વિવિધ હોદ્દેદારોની વરણી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા સાબરકાંઠા જિલ્લામાં વિવિધ મોરચાઓની ટીમની નિમણુંક કરવામાં આવી હતી.

ભારતીય જનતાપાર્ટી સાબરકાંઠા જિલ્લાના મહામંત્રી અશોકભાઈ જોષીના જણાવ્યા અનુસાર જે.ડી.પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા યુવા મોરચાની, જિલ્લા કિશાન મોરચાના પ્રમુખ મહામંત્રી તથા જિલ્લા અનુસુચિતજાતિના મોરચાના પ્રમુખ-મહામંત્રીઓની આજે રચના કરવામાં આવી હતી. જેમાં જિલ્લા યુવા મોરચામાં કલ્પેશભાઈ દવે-પ્રમુખ હિંમતનગર, દિલીપસિંહ મકવાણા ઉપપ્રમુખ-હિંમતનગર, મહેન્દ્રસિંહ હડિયોલ-ઉપપ્રમુખ, વડાલી, વંદનભાઈ પટેલ-ઉપપ્રમુખ-પ્રાંતિજ, સાવનભાઈ દેસાઇ-ઉપપ્રમુખ-હિંમતનગર, લલિતભાઈ પટેલ-ઉપપ્રમુખ-પ્રાંતિજ, સંજયભાઈ પટેલ-મહામંત્રી-તલોદ, મેહુલભાઈ મિસ્ત્રી-મહામંત્રી-ઈડર, રાકેશ સોની-મંત્રી-હિંમતનગર, જીતલભાઈ પટેલ-મંત્રી-હિંમતનગર, મૃગેશભાઈ ચૌધરી-મંત્રી-ખેડબ્રહ્મા, ભાવેશભાઈ પટેલ-મંત્રી-ઈડર, પ્રશાંતભાઈ પટેલ-મંત્રી-ખેડબ્રહ્મા, બંદીશભાઈ-મંત્રી-પ્રાંતિજ, ધવલ રાવલ-કોષાધ્યક્ષ-પ્રાંતિજ તથા જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ-લુકેશભાઈ વેશાભાઈ સોલંકી-પોશીના, મહામંત્રી શિવાભાઈ અરજણભાઈ પરમાર ખેડબ્રહ્મા, મહામંત્રી રાજુભાઈ ગલજીભાઈ ખરાડી વિજયનગર તથા જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ જયેશભાઈ મોતીભાઈ પટેલ હિંમતનગર, મહામંત્રી કલ્પેશભાઈ પટેલ તલોદ, મંહામત્રી અનોપસિંહ ઈડરની નિમણુંક કરવામાં આવી હતી.

### રાસાયણિક હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેરાત કરવામાં આવી રહી છે. જે લોકોને અસર થઈ છે તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય તપાસ સંસ્થાઓ દ્વારા કહેવામાં આવી રહ્યુ છે કે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. અસરગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા છે. સિરિયામાં હાલમાં જુદા જુદા દેશો દ્વારા ત્રાસવાદીઓનો ખાતમો કરવા માટે હુમલા કરવામાં આવી રહ્યા છે. હાલમાં કેમિકલ હુમલાની સાથે સાથે વિમાની હુમલા કરવામાં આવ્યા છે. સિરિયામાં મોટા પાયે હજુ આઈએસના ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. સિરિયાના હામામાં નોન કેમિકલ હુમલા કરવામાં આવી રહ્યા છે. સિરિયાને વિશ્વના સૌથી ખતરનાક દેશો અને સૌથી હિંસાગ્રસ્ત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. હુમલાના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે. સિરિયા અને ઈરાન તેમજ ઈરાકમાં આઈએસના મોટી સંખ્યામાં ત્રાસવાદી હજુ હુમલા કરી રહ્યા છે. હુમલા બાદ તેની ખૂબ લાંબી અસર જોવા મળી હતી. લોકોની હાલત ધીમે ધીમે કફોડી બનવા લાગી હતી.

### પ્રયાસ શરૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મધ્યપ્રદેશના હાલના મામલાને લઈને દેશ અને દુનિયામાં ઈવીએમ પર પ્રશ્નો ઉઠી રહ્યા છે. પ્રશ્નોની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આ જ પ્રશ્ન બહુજન સમાજપાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ સતીશચન્દ્ર મિશ્રા દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં માયાવતીની પાર્ટીનો સફાયો થયા બાદ માયાવતીએ વારંવાર ઈવીએમને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. સાથે સાથે ચેડા થયા હોવાની વાત કરી છે. માયાવતી બાદ ચૂંટણીમાં કારમી હારનો સામનો કરી ચુકેલા આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ પણ શ્રેણીબદ્ધ પ્રશ્નો ઉઠાવી ચુક્યા છે. કેજરીવાલની પાર્ટી, કોંગ્રેસ અને માયાવતી દ્વારા પંચને પત્ર લખની તપાસની માંગ કરી છે. પહેલા પણ જોરદાર માંગ કરવામાં આવી હતી. ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલી તપાસની માંગને ફગાવી દીધી છે અને કહ્યુ છે કે ઈવીએમ સંપૂર્ણપણે ચેડા મુક્ત છે. તેની સામે પ્રશ્નો ઉઠાવી શકાય છે.

### ઉનાળુ વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉનાળુ મગફળીનું વાવેતર પણ ૩૦૦ હેક્ટરમાં નોંધાયું છે. મગનું વાવેતર ૨૨૦ હેક્ટરમાં અને લીલો ઘાસચારાનું વાવેતર ૮૪૧ હેક્ટરમાં નોંધાયું છે. જિલ્લામાં ઉનાળુ સિઝનમાં સૌથી વધુ વાવેતર દહેગામમાં ૬૫૪૯ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૫૭૮૮ હેક્ટરમાં તો માણસામાં ૪૯૪૨ હેક્ટરમાં અને કલોલમાં ૪૪૮૯ હેક્ટરમાં થવા પામ્યું છે. ગરમીનો જે રીતે પ્રારંભ થયો છે તેની વિપરીત અસરો ઉનાળુ વાવેતર પર પડી છે પરંતુ ચોમાસુ સારૂ રહેશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં પિયત માટેના સિમીત સ્ત્રોતને કારણે પણ અન્ય સિઝનોની તુલનામાં વાવેતર ઉનાળુ સીઝનમાં ઓછુ થતુ હોય છે તેમ ખેડૂતોનું કહેવું છે.

### સમિતિની રચનાઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રી ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, કેન્દ્રીય રાજ્યમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, સુરેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વમંત્રી મંગુભાઈ પટેલ, ભીખુભાઈ દલસાણિયા, ભરતસિંહ પરમાર, રાજેશભાઈ ચુડાસમા, કાનાજી ઠાકોર, શંભુનાથ ટુંડિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ચૂંટણી સંકલ્પ પત્રમાં ભરતભાઈ ગરીવાલા, રાજ્યગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, રાજ્ય આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, પૂર્વમંત્રી જયનારાયણ વ્યાસ, યમલ વ્યાસ, જગદીશભાઈ ભાવસાર, પ્રો. હર્ષદ પટેલ, ડૉ. ભરતભાઈ કાનાબાર, પ્રો. રશ્મિભાઈ પટેલ, અપોહભાઈ શાહ, મોતીસિંહ વસાવા, ભરતભાઈ ડાંગરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શિસ્ત સમિતિ ત્રણ સભ્યોની રચવામાં આવી છે. જેમાં પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવી, ઝવેરભાઈ ચાવડા અને પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટની વરણી કરવામાં આવી છે.

ચૂંટણી પ્રચાર અભિયાન સમિતિના કન્વીનર તરીકે પૂર્વ શહેરી વિકાસમંત્રી કૌશિકભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે.